અપીલ અરજી નં.૨૦ તા.૧૭/૨૦–૪–૦૯ /૧૦

અરજદારઃ શ્રી મુકેશભાઈ રમેશભાઈ કેદાર
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી,(ગાર્ડન ખાતુ)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશભાઈ રમેશભાઈ કેદારે આઈ.ડી.નં.૧૩૪૮ તા.૨૧–૨–૦૯ ની અરજીથી સરોજીની નાયડુ ઉદ્યાન સુરતના બાગના રમત ગમત સાધનો તથા બેસવાના બાંકડાઓની ખરીદી કરતી વખતના કોન્ટ્રાકટર પાસે જે શરત નકકી કરી હોય તે કે કવોલીટીની ખાતરી લીધી હોય તેની પ્રમાણિત નકલ તથા ખરાબ કામ અંગે થયેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭/૨૦–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૦/૨૦૦૯–૧૦

શ્રી મુકેશભાઈ રમેશભાઈ કેદારે આઈ.ડી.નં.૧૩૪૮ તા.૨૧–૨–૦૯ ની અરજીથી સરોજીની નાયડુ ઉદ્યાન સુરતના બાગના રમત ગમત સાધનો તથા બેસવાના બાકડાઓની ખરીદી કરતી વખતના કોન્ટ્રાકટર પાસે જે શરત નકકી કરી હોય તે કે કવોલીટીની ખાતરી લીધી હોય તેની પ્રમાણિત નકલ તથા ખરાબ કામ અંગે થયેલ કાર્યવાહીની માહિતી આપવા બાબતે માહિતી અધૂરી મળવાના પ્રતિભાવ નહીં મળવાના કારણોસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭/૨૦–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬ તા.૨૪–૪–૦૯થી ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી, (ગાર્ડન ખાતુ) તથા અરજદારને અધૂરી માહિતી મળેલ છે જેમાં કઈ માહિતી કળેલ છે અને કઈ માહિતી મળેલ નથી તે અંગેના આધાર પુરાવા રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર હાઉસીંગ ના પત્ર નં.પી.પી.જી.આ.નં.૬૦ તા.૮–૫–૦૯ થી અત્રેના વિભાગને પુરક માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત રજુ કરેલ નથી. અરજદારે મૂળ અરજી સેન્ટ્રલ ઝોન ખાતે જાહેર માહિતી અધિકારીને કરેલ જે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૨૪–૨–૦૯ ના પત્ર નં.૧૪૫૪ થી ગાર્ડન સુપ્રિ. ને તબદીલ થયેલ તથા ગાર્ડન સુપ્રિ. તરફથી તેમના પત્ર નં.પીપીજી/૧૫૩૯ તા.૧૩–૩–૦૯ થી હાઉસીંગ ઈજનેરને તબદીલ થયેલ જણાય છે જે નિયત સમય અવધિ બાદની છે.

અરજદારે મુળ અરજીથી સરોજીની નાયડુ ઉદ્યાન સુરતના બાગના રમત ગમત સાધનો તથા બેસવાના બાકડાઓની ખરીદી કરતી વખતના કોન્ટ્રાકટર પાસે જે શરત નકકી કરી હોય તે કે કવોલીટીની ખાતરી લીધી હોય તેની પ્રમાણિત નકલ તથા ખરાબ કામ અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ. જેના અનુસંધાને હાઉસીંગ ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી ના પત્રનં.પી.પી.જી.આ. નં.૩૩ તા.૧૮–૪–૦૯ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં રમતગમતના સાધનો ખરીદી કરતી વખતે કોન્ટ્રાકટર પાસેથી નકકી કરેલ શરતો તથા કવોલીટીને લગતી ટેન્ડરની શરતોની નકલ આપવામાં આવેલ તથા બાગમાં બેસવા માટેના લાકડાની પટ્ટીઓવાળા બાંકડા ખાતાકીય રાહે બનાવેલ છે. સદરહુ બાંકડા કોન્ટ્રાકટર પાસેથી ખરીદ કરવામાં આવેલ નથી કે બનાવેલ નથી. જેથી બાંકડા અંગે માંગવામાં આવેલ શરતોની વિગત આપવાની રહેતી નથી. એવી માહિતી આપેલ છે. અરજદાર તરફથી અધુરી માહિતી મળેલ છે તે બાબતે કોઈ વિગત રજુ કરેલ નથી. પરંતુ અરજદારે તા.૧૭–૪–૦૯ ના પત્રથી તબદીલીની જાણ કરેલ હોવા છતાં સેન્ટ્રલઝોન ધ્વારા માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારની તા.૧૭–૪–૦૯ ની રજૂઆત અંગે પણ કાર્યપાલક ઈજનેર હાઉસીંગ કક્ષાએથી પત્ર નં.૪૪ તા.૨૮–૪–૦૯ થી અરજદારને આ અંગે તા.૧૮–૪–૦૯ થી માહિતી મોકલ્યાની જાણ કરેલ જણાય છે. તદ ઉપરાંત કાર્યપાલક ઈજનેર હાઉસીંગના પત્ર નં.પીપીજી/આ.નં.૫૯ તા.૮–૫–૦૯ થી અરજદારને પત્ર પાઠવી અધૂરી માહિતીમાં કયા પ્રકારની જોઈએ છે તે જણાવવા તથા તા.૧૧–૫–૦૯ના રોજ કચેરી ખાતે હાજર રહી ટેન્ડર ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડવા પણ તૈયારી દર્શાવી તે અંગેના જવાબદાર અધિકારીના નામ સંપર્કની વિગતો પણ આપેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પાછળ

અરજદારની તા.૧૭/૨૦–૪–૦૯ની મૂળ અરજી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફરીયાદની હકીકતમાં ઉપર નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવા સાથે લાગત દફતરી ઈન્સ્પેકશનની તૈયારી દર્શાવી અરજદાર જણાવે તે માહિતી આપવા પણ તૈયારી દર્શાવેલ છે. જેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી,(ગાર્ડન ખાતુ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મુકેશભાઈ રમેશભાઈ કેદાર ૨૫, ગાંધીનગર સોસાયટી,પારસીવાડની પાછળ, સીંગણપોર ગામ, વેડરોડ,સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.